# જાહેરનામુ

## ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ભાગ ૨૨ નિયમ ૩૩ અન્વયે પાડેલ હુકમ

**ક્રમાંક**

**ક્રમાંક : ગ/ઉપક/૭૩ /૨૦૧૬ તા.૬ /૦૬/૨૦૧૬**

સાર્વજનીક ખાનપાનની જગ્યાએ આહાર ગૃહ/રેસ્ટોરન્ટના માલીકો કે જેઓ બી.પી.એકટ ૧૯૫૧ ભાગ-૨૨ નિયમ-૩૩ મુજબ નોંધણી પ્રમાણપત્રો ધરાવે છે. તેમને નિયમ પ્રમાણે ૫.૦૦ થી રાત્રીના ૧.૦૦ સુધી સાર્વજનીક ખાનપાનની જગ્યાઓ ચાલુ રાખવા દેવા મંજુરી આપવામાં આવેલ છે.

આગામી રમઝાનના તહેવારને અનુલક્ષીને આથી હું શિવાનંદ ઝા બી.પી.એકટ ૧૯૫૧ ભાગ- ૨૨ નિયમ -૩૩ મુજબ મને મળેલ સત્તાની રુએ તા. ૦૬/૦૬/૨૦૧૬ થી તા.૦૫/૦૭/૨૦૧૬ સુધી સાર્વજનીક ખાનપાનની જગ્યાઓ આહારગૃહ/રેસ્ટોરન્ટના માલીકો કે જેઓ વેલીડ પરવાના આ નિયમ હેઠળના ધરાવે છે તેમને તેમની આ જગ્યાઓ સવારે કલાક ૪.૦૦ થી રાત્રીના કલાક ૧.૦૦ સુધી ખુલ્લી રાખવા દેવાનુ ઠરાવુ છું. આ સમય દરમ્યાન આ પ્રકારની પરવાનગીને કારણે સુલેહ- શાંન્તીનો ભંગ થતો હોવાનો કે ટ્રાફીક પ્રવાહને અવરોધ થતો હોવાનો કે અન્ય કોઇ પ્રકારની ત્રાસદાયક પ્રવૃતી થતી હોવાનું જણાશે તો આવી જગ્યાઓના માલીકોને તેમની પ્રવૃતી તાત્કાલીક અસરથી બંધ કરવા તથા પરવાનો રદ કરવા પાત્ર થતો હોવાનું જણાવી કાયદેસરના પગલા લઇ શકાશે.

આ હુકમની જાહેરાત અમદાવાદ શહેરમાં લાઉડ સ્પીકર ધરાવતા વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેમજ જાહેર જગ્યાઓએ હુકમની નકલો ચોંટાડીને કરવી અને આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્ર પરથી જાહેરાત કરાવવી.

આજ રોજ તારીખ : ૬ /૦૬/૨૦૧૬ એ મે મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા. ૬ /૦૬/૨૦૧૬<br>
અમદાવાદ શહેર.

(શિવાનંદ ઝા)<br>
પોલીસ કમિશ્નર<br>
અમદાવાદ શહેર.

<u>નકલ સવિનય રવાના :</u>

૧.મેનેજરશ્રી ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા<br>
  ૨/- ગુજરાત ગર્વમેન્ટમાં પ્રસીધ્ધ કરવા સારુ<br>
૨. અ.મુ.સચિવશ્રી ગૃહ વિભાગ ગુજરાત સરકાર ગાંધીનગર<br>
૩. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા પોલીસ ભવન ગાંધીનગર